પ્રોગ્રામ ઓફિસર ડો. સંજય પંડયા દ્વારા તાલીમ અપાઈ

ધ્રોલ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સોયલ ગામમાં જમીન ચકાસણી ખેડૂતલક્ષી પ્રાયોગિક કાર્યક્રમ યોજાયો

જામનગર તા. ૭: ગુજકોસ્ટ-ગાંધીનગર પ્રેરિત અને શ્રી એમ.ડી.મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ-ધ્રોલ સંચાલિત એમ.ડી.મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર-ધ્રોલ દ્વારા સોયલ ગામે ખેડૂતો માટે જમીન ચકાસણી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ખેડૂતો પોતાની જાતે જ પોતાની જમીનની ચકાસણી કરે એ માટેની તાલીમ આપવામાં આવી હતી.

જેમાં માટીના નમૂના કઈ રીતે લેવા, પી.એચ. ચકાસણી કઈ રીતે કરવી, સિંચાઈ માટે ઉપયોગમાં લેવાતા પાણીની ટી.ડી.એસ. ચકાસણી કેમ કરવી, વગેરે જેવી ખેતી માટેની મુખ્ય જરૂરિયાતો અંગે ખેડૂતોને વિજ્ઞાનકેન્દ્ર-ધ્રોલના પ્રોગ્રામ ઓફિસર ડો. સંજય પંડ્યા દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સોયલ ગામના ૫૫ જેટલા ખેડૂતો સામેલ થયા હતા. વધુમાં ખેડૂતો પોતાની જમીનની પ્રાથમિક ચકાસણી માટે વિજ્ઞાન કેન્દ્રનો પણ લાભ લઈ શકે છે, તેમ જણાવવામાં આવ્યું હતું. જે પણ ગામના ખેડૂતો પોતાના ગામમાં આ કાર્યક્રમ યોજવા માટે ઈચ્છુક હોય તેઓ વિજ્ઞાન કેન્દ્ર-ધ્રોલના પ્રોગ્રામ ઓફિસર ડો. સંજય પંડ્યા (૯૯૭૯૨૪૧૧૦૦) નો સંપર્ક કરી માહિતી મેળવી શકે છે.

જમીનના વારસાઈ વિવાદમાં આવ્યો વળાંક:

કરોડોની જમીન અંગેના ચાલતા વિવાદમાં અદાલતમાં વહીવંચા બારોટના ચોપડા રજૂ

જામનગર તા. ૮: જામનગરના એક આસામીએ દત્તક પુત્ર તરીકે કરોડોની એક જમીનમાં પોતાનો હિસ્સો હોવાનો દાવો રજૂ કર્યો છે. તે કાનૂની લડત દરમિયાન અદાલતમાં કૌટુંબિક આંબો રજૂ કરવા ઉપરાંત બારોટના ચોપડા રજૂ કરાયા છે.

જામનગરના સરૂ સેક્શન રોડ પર આવેલા પોલીસ હેડક્વાર્ટર પાછળ ટીપીની ખૂલી જમીનના વારસાઈ અંગે જામનગરની કોર્ટમાં જુદા જુદા ત્રણ કેસ ચાલી રહ્યા છે. જ્યારે હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટમાં પણ કેસ ચાલે છે.

આ પ્રકરણમાં દત્તક પુત્ર ગંગદાસ હંસરાજ દ્વારા હિસ્સામાં દાખલ કરવા અંગે અદાલતમાં દાવો કરાયો છે. તેઓની સહમતી વગર હાઈકોર્ટમાં ગુજરનાર હંસરાજ તથા ગુજરનાર કેશવજીના વારસોએ સમાધાન કર્યાની જાણ થતાં ગંગદાસે કન્ટેમ્પટની કાર્યવાહી કરી હતી. જેમાં હાઈકોર્ટે દત્તક પુત્રને આ સમાધાન બંધનકર્તા ન હોવાનો નિર્ણય આપ્યો હતો.

ગંગદાસના કુદરતી પિતા ગુજરનાર કેશવજી છે અને દત્તક પિતા ગુજરનાર હંસરાજ છે પરંતુ દત્તક પુત્ર અંગે હંસરાજભાઈના ચાર પુત્રી નામુકર્રર જતા વિવાદ થયો છે. દત્તક પુત્ર ગંગદાસે કૌટુંબિક આંબો રજૂ કરવા ઉપરાંત વહીવંચા બારોટના ચોપડે પણ પોતાની દત્તક પુત્ર અંગેની નોંધ હોવાનું અદાલત સમક્ષ રજૂ કર્યું છે. ગંગદાસ તરફથી વકીલ હિતેન ભટ્ટ, ગિરીશ ગોજીયા, હેમાંશુ સોલંકી રોકાયા છે.

જામનગર સ્પે. નેગોશિએબલ કોર્ટ દ્વારા

ચેક પરત કેસમાં આરોપીને બે વર્ષની કેદ અને ચેકની રકમનો દંડ કરાયો

જામનગર તા. ૮: જામનગર સ્પેશિયલ નેગોશિએબલ કોર્ટે વડોદરાના આરોપીને બે વરસની કેદ અને ચેકની રકમનો દંડ કરવો ચૂકાદો જાહેર કરેલ છે.

આ અંગેની વિગતો એવી છે કે, ફરિયાદી વિદ્યાબેન આસ્તિકભાઈ ભરાડે આરોપી પ્લાસ્ટ મેક એન્જીનિયરીંગના માલિક હિનાબેન દિપકભાઈ શાહને સંબંધ દાવે રૂ. ૧૦ લાખની મદદ કરેલ જે પૈકી સાડા સાત લાખ આરોપીએ ચેકથી ચૂકવેલ અને બાકી રહેતી રકમ રૂ.૨,૫૦,૦૦૦/- નો ચેક આપેલો જે પરત ફરતા ફરિયાદીએ જામનગર સ્પેશિયલ નેગોશિએબલ કોર્ટમાં ફરિયાદ કરેલી.

વધુમાં, ચેક રિટર્નની નોટિસના જવાબમાં આરોપી હિનાબેન લેણુ કબૂલી હપ્તેથી રકમ ચૂકવવા જણાવેલું. પરંતુ કેસ ચાલતા દરમ્યાન લેણા સંબંધે ઈન્કાર કરી અત્રેની કોર્ટમાં ૧૩ વરસથી કાનૂની લડાઈ ચાલેલ.

બન્ને પક્ષોની દલીલો, પૂરાવા ધ્યાને લઈ પમાં એડી. ચીફ જ્યુડીશિયલ મેજી. સ્પે. નેગોશિએબલ કોર્ટ જજશ્રી મનોજકુમાર લાલવાણીએ આરોપી હિનાબેનને તકસીરવાન ઠરાવી બે વરસની કેદ અને ચેકની રકમનો દંડ અને વળતર ફરિયાદીને આપવા હુકમ કરેલ હતો. આ કેસમાં બચાવ પક્ષે વકીલ અશ્વિન બી. મકવાણા રોકાયા હતા.

પૂર, વાવાઝોડું, ભૂકંપ, આગ જેવી કટોકટીની સ્થિતિમાં

રાહત-બચાવની કામગીરી અંગે એનડીઆરએફ દ્વારા જામનગરના બેડ-શાપરમાં જિવંત નિદર્શન

જામનગર તા.૮: જામનગરના બેડ અને શાપરમાં એનડીઆરએફ દ્વારા આપાતકાલીન સ્થિતિને પહોંચી વળવા ગ્રામજનો અને વિદ્યાર્થીઓને સઘન તાલીમ અપાઈ હતી. કટોકટીની સ્થિતિમાં બચાવ કામગીરી કેવી રીતે કરવી તેનું જીવંત નિદર્શન યોજી આપત્તિ વ્યવસ્થાપન માટે વપરાતા સાધનોની ઓળખ અને તેના કાર્ય વિશે સમજ અપાઈ હતી.

વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક તાલીમ લીધી: ગ્રામજનોએ એનડીઆરએફની પીઠ થાબડી

ભારત સરકારની આપત્તિ વ્યવસ્થાપન પાંખ એનડીઆરએફ દ્વારા જામનગર જિલ્લાના બેડ અને શાપર ગામમાં વિશેષ તાલીમ અને જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ સમયે જાન-માલનું નુકસાન ઘટાડવા અને ત્વરિત પ્રતિસાદ આપવા માટે ગ્રામજનો તેમજ શાળાના વિદ્યાર્થીઓને આધુનિક પદ્ધતિઓ દ્વારા સજ્જ કરવામાં આવ્યા હતા.

તાલીમ દરમિયાન એનડીઆરએફના નિષ્ણાત જવાનો દ્વારા પૂર, વાવાઝોડું, ભૂકંપ અને આગ જેવી કટોકટીની સ્થિતિમાં બચાવ કામગીરી કેવી રીતે કરવી તેનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને ઈજાગ્રસ્ત વ્યક્તિઓને તાત્કાલિક જીવનરક્ષક સારવાર આપવા માટેની સીપીઆર ટેકનિક અને પ્રાથમિક સારવાર અંગે પ્રાયોગિક જ્ઞાન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, પૂર જેવી સ્થિતિમાં ઘરમાં ઉપલબ્ધ સામાન્ય વસ્તુઓ જેમ કે ખાલી પ્લાસ્ટિકની બોટલો, કેન અને લાકડાના ઉપયોગથી કામચલાઉ તરતા સાધનો બનાવી કઈ રીતે જીવ બચાવી શકાય તે અંગે પણ રસપ્રદ માહિતી આપવામાં આવી હતી.

બેડ અને શાપર ગામની શાળાઓના વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને આપત્તિ વ્યવસ્થાપન માટે વપરાતા અત્યાધુનિક સાધનોની ઓળખ કરાવી તેના કાર્ય વિશે સમજાવવામાં આવ્યું હતું. એનડીઆરએફની ટીમે જણાવ્યું હતું કે, કોઈ પણ આપત્તિના સમયે સ્થાનિક લોકો 'ફર્સ્ટ રિસ્પોન્ડર' એટલે કે પ્રથમ સહાયક હોય છે, તેથી જો ગ્રામીણ સ્તરે આવી તાલીમ મળેલી હોય તો મોટી દુર્ઘટનાઓ ટાળી શકાય છે. આ કાર્યક્રમમાં ગામના અગ્રણીઓ, શિક્ષકો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને એનડીઆરએફની આ પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી.

મોટી ખાવડીથી ખંભાળિયા વચ્ચે થયો હતો અકસ્માત:

અકસ્માતમાં થયેલા મૃત્યુના કિસ્સામાં રૂ.૩૦ લાખનું વળતર વ્યાજ સાથે ચૂકવવા આદેશ

જામનગર તા. ૮: જામનગરના એક આસામીએ ગ્રુપ માસ્ટર પોલિસી મેળવ્યા પછી તેઓનું અકસ્માતમાં નિધન થયું હતું. તેમના પત્નીએ વળતર મેળવવા કરેલો ક્લેઈમ રદ થતાં ફોરમમાં ફરિયાદ થઈ હતી. ફોરમે વ્યાજ સાથે વળતરનો હુકમ કર્યો છે.

જામનગરના મહેન્દ્રભાઈ મટ્યર નામના આસામીએ નીપા બુવા હેલ્થ ઈન્સ્યોરન્સ કંપની પાસેથી ગ્રુપ માસ્ટર વીમા પોલિસી મેળવી હતી.

ત્યારપછી ઓગસ્ટ ૨૦૨૪માં મહેન્દ્રભાઈ મોટરસાયકલ પર મોટી ખાવડીથી ખંભાળિયા જતા હતા ત્યારે માર્ગમાં બાઈક સ્લીપ થતાં ગંભીર ઈજા થવાથી તેઓનું મૃત્યુ નિપજ્યું હતું. તેમના પત્ની સોનલબેન મટ્યરે વળતર મેળવવા વીમા કંપની સમક્ષ ક્લેઈમ કર્યો હતો. વીમા કંપનીએ તે ક્લેઈમ રદ કરતા ગ્રાહક સુરક્ષા ફોરમમાં ફરિયાદ કરવામાં આવી હતી. ફોરમે ફરિયાદ મંજૂર કરી રૂ.૩૦ લાખ છ ટકાના વાર્ષિક વ્યાજ સાથે અને ફરિયાદ ખર્ચ તથા ત્રાસ બદલ રૂ.૫ હજાર અલગથી ચૂકવવા વીમા કંપનીને હુકમ કર્યો છે. ફરિયાદી તરફથી વકીલ વસંત ગોરી, દીપક નાનાણી, નેહલ સંચાણીયા રોકાયા હતા.

દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને અન્નકૂટ મનોરથ

(તસ્વીર: રવિ બારાઈ)

દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીના ભાવિ, ભક્ત, ગુરુ શરણાનંદજી દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સાંજે ઠાકોરજીના ઉત્થાપન દર્શન સમયે અન્નકૂટ મનોરથ યોજવામાં આવ્યો હતો. બુધવારના લીલા રંગના વાઘા અને શીતકાલીન શ્રૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો.

મુસાફરોની હાલાકી વધશે

જામનગર એસટી ડિવિઝનની ૨૫૦ માંથી ૮૦ બસો વડાપ્રધાનના કાર્યક્રમોમાં ફાળવાઈ

જામનગર તા. ૮: દેશના વડાપ્રધાન રવિવારે સોમનાથ આવી રહ્યા છે ત્યારે ત્યાં માનવ મેદની એકત્ર કરવા તંત્ર દ્વારા કવાયત ચાલી રહી છે. અને ગામે ગામથી એસટી બસો દોડાવવામાં આવનાર છે. જામનગર ડિવીઝનમાંથી પણ ૮૦ બસો ફાળવવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમનાથ આવી રહ્યા છે. આ માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. જેમની સભામાં માનવ મેદની એકત્ર કરવા પણ આયોજનો ચાલી રહ્યા છે. અને અનેક શહેરોમાંથી એસટીની બસો મારફત લોકોને સોમનાથ લઈ જવામાં આવનાર છે.

જામનગર એસટી ડિવિઝન પાસે બંને જિલ્લાઓ એટલે કે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૨૫૦ બસો છે. જેમાની ૮૦ બસો સોમનાથ માટે ફાળવી દેવામાં આવી છે. આ બસો જામનગરથી તા. ૧૦ના બપોરે રવાના થશે. અને તા. ૧૨ના સવારે પરત ફરશે.

એટલે કે તા. ૧૦ થી ૧૨ના જામનગરના મુસાફરોની હાલાકી વધશે. કારણ કે લગભગ ૩૨ થી ૩૩ ટકા બસોની ઉપલબ્ધી ઓછી રહેશે.

સાગર સુરક્ષા અને સાગરખેડૂઓની સલામતી અર્થે

ઓખામાં યોજાયો ફિશરમેન અવેરનેશ કાર્યક્રમ

ઓખા તા. ૮: દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખામાં જિલ્લા વહીવટી તંત્ર, મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી અને ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ઓખાના સંયુકત ઉપક્રમે યોજાયેલ જાગૃતિ કાર્યક્રમમાં સાગરખેડૂઓને માર્ગદર્શિત કરાયા હતાં.

દરિયાઈ સુરક્ષા અને કુદરતી સહિતની આપદાઓમાં સાગરખેડૂઓને સલામતી જળવાઈ તે માટે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખામાં જિલ્લા વહીવટી તંત્ર, મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી અને ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ઓખાના સયુંકત ઉપક્રમે જિલ્લા કક્ષાનો ફિશરમેન અવેરનેશ કાર્યક્રમ યોજાયો હતો.

આ તકે જિલ્લા કલેકટર રાજેશ તન્નાએ જણાવ્યું હતું કે, જેમ ધરતીપુત્રો કૃષિ કરી અર્થતંત્રમાં યોગદાન આપી રહ્યા છે તેમ સાગરખેડૂઓ પણ પણ પોતાનું યોગદાન આપી રહ્યા છે. કુદરતી આપદાઓના સમયમાં આપણા સાગરખેડૂઓના સંરક્ષણની ચિંતાઓ વહીવટી તંત્ર તથા સરકાર દ્વારા સતત કરવામાં આવે છે. ઉપરાંત, માછીમારી કરતા સમયે ઘણીવાર અજાણતા સાગરખેડૂઓ ઈન્ટરનેશનલ મેરીટાઈમ બોર્ડર લાઈન પાર કરી જતા મુશ્કેલીઓ ઉભી થાય છે જેના પરિણામે તેમની અસર તેમના પરિવારો પર પણ ઉભી થાય છે. આવી પરિસ્થિતિનું નિર્માણ ન થાય તેમજ સાગરખેડૂઓમાં જાગૃતતા કેળવાઈ તે માટે આજનો અવેરનેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુમાં કલેકટરએ જણાવ્યું કે, સાગરખેડૂઓએ રાષ્ટ્રની સુરક્ષા અને સલામતી માટેના પ્રથમ પ્રહરી છે. એટલા માટે જ તેમની સલામતી અને જાગૃતિ માટે સરકાર પ્રતિબદ્ધ છે. જ્યારે સાગરખેડૂઓ દરિયામાં માછીમારી કરવા જાય ત્યારે સરકારના નિયમો તેમજ સલામતીના મહત્વના સાધનો, ઉપકરણો અને અગત્યના જરૂરી દસ્તાવેજો સાથે રાખવા જરૂરી છે. ઉપરાંત, સાગરખેડૂઓને સરકારની અનેક કલ્યાણકારી યોજનાઓ લાભ લેવા તેમજ રાષ્ટ્રની સલામતી અને સુરક્ષામાં પોતાનું અવિરત યોગદાન આપતા રહેવા અનુરોધ કર્યો હતો.

ફિશરમેન અવેરનેશ કાર્યક્રમમાં ખાસ કરીને સાગરખેડુઓને દરિયાઈ સુરક્ષા, વેસલ ટ્રેકિંગ સિસ્ટમ, આપત્તિ પ્રભાવ શોધ અને બચાવ, ઈન્ટરનેશનલ મેરિટાઈમ બોર્ડર લાઈન, લાઈટ ફિશીંગ અને લાઈન ફિશીંગ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી દ્વારા પગડીયા માછીમારી સહાય, જીપીએસ ખરીદી સહાય, લાઈફ સેવિંગ ઈક્વિપમેન્ટ, ફિશ પ્રોસેસિંગ યુનિટ, ફાઈબર રોપ, ડીઝલ વેટ સહાય, પેટ્રોલ સહાય યોજના સહિતની અનેક યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ વધુમાં વધુ માછીમારીઓને સહાયનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

ઉપરાંત, ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ, ઈન્ડિયન નેવી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, વન વિભાગ સહિત વિવિધ વિભાગોના પ્રેઝન્ટેશન રજૂ કરી સાગરખેડૂઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત ઓખા મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની જે.સી.આયરા અને આભારવિધિ સલાયા મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની ડી.એમ.મકવાણા દ્વારા કરવામાં આવી હતી.

ફિશરમેન અવેરનેશ કાર્યક્રમમાં જિલ્લા પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળા, આઈ.એન.એસ દ્વારકાના કમાન્ડિંગ ઓફિસર કેપ્ટન શશાંક શર્મા, ઈન્ડિયન કોસ્ટગાર્ડના કમાન્ડન્ટ સી.પી.દહિયા, ફિશરીઝ રિસર્ચ સેન્ટર ઓખાના નિલેશ જોશી, ઓખા પોર્ટ ઓફિસર અરવિંદ મિશ્રા, પ્રાંત અધિકારી કે.કે.કરમટા, નાયબ પોલીસ અધિક્ષક સાગર રાઠોડ, અગ્રણી મોહન બારાઈ, સુલેમાન પલાણી, પરેશભાઈ જોશી સહિત બહોળી સંખ્યામાં સાગરખેડૂઓ ઉપસ્થિત રહ્યા હતા.

:: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, જામનગર જિલ્લાના, કાલાવડ તાલુકાના, મોજે: મોટી માટલી ગામના નવા ખાતા નં.૫૫૦ થી આવેલ નવા રે.સ.નં.૪૩૫ (જુના રે.સ.નં. ૪૫/પૈકી-૨), જેના હેકટર: ૩-૨૦-૮૩ આરે ચો.મી. વાળી ખેતીની જમીન પરસોતમભાઈ મેઘજીભાઈ ઉમરેટીયાની સ્વતંત્ર માલિકી,કબજા, ભોગવટાની આવેલ છે, અને તેઓ પાસેથી સદરહુ ખેતીની જમીન ટાઇટલ કલીયરની શરતે ખરીદ કરવા અમારા અસીલે સોદો કરેલ છે, અને અવેજ પેટેની રકમ ચુકવેલ છે.

ઉપરોક્ત ખેતીની જમીન સંબંધેના ઉત્તરોત્તરના દસ્તાવેજો પૈકી હાલના માલિક પરસોતમભાઈ મેઘજીભાઈ ઉમરેટીયા જોગ દામાભાઈ વાઘાભાઈ ઉમરેટીયાએ કરી આપેલ અનુ.નં. ૧૭૪, તા.૨૧-૪-૨૦૦૧ ના દિવારનો રજી. વેંચાણ દસ્તાવેજ અસલ હાલના ઉપરોક્ત માલિક પાસેથી ગુમ થયેલ છે, અને જે ઘણી જ શોધખોળ કરવા છતાં મળી આવતો નથી, અને તેના હાલના ઉપરોક્ત માલિકે કોઈ દુરઉપયોગ કે ગેરઉપયોગ કરેલ નથી તેવું તેમનું જણાવવું છે.

ઉપરોક્ત ખેતીની જમીનમાં જો કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થાનું લેણું, બોજો, ચાર્જ, લીયન કે અગ્રહકક હોય કે ઉપરોક્ત જમીનમાં કોઈપણનો કોઇપણ જાતનો હકક, હિસ્સો, હિત, સંબંધ, લાગભાગ કે અધિકાર આવેલ હોય અથવા ઉપરોક્ત ખેતીની જમીનના વેંચાણ સામે કોઈપણને વાંધા-તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયે દિવસ-૭ (સાત)માં અમોને નીચેના સરનામે લેખિત આધાર-પુરાવા સાથે રજૂ કરવા. જો મુદ્દત દરમ્યાન કોઈ વાંધા-તકરાર આપવામાં નહીં આવે તો ઉપરોક્ત જમીનમાં કોઈનું લેણું, બોજો, ચાર્જ, લાગભાગ કે અધિકાર આવેલ નથી. તેમજ ઉપરોક્ત જમીનના વેંચાણ સામે કોઈપણને વાંધા-તકરાર કે હરકત નથી, અને જો હોય તો જતાં (વેઇવ) કરેલ છે. તેમજ ઉપરોક્ત અસલ વેંચાણ દસ્તાવેજ ગુમ થયાનું પુરતું કારણ માનવાને રહેશે, અને તેમ માની અમારા અસીલ પુરેપુરો અવેજ ચુકવી તેઓ જોગનો રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ અમારા અસીલની કોઈ જ જવાબદારી રહેશે નહીં, તેની સર્વેએ નોંધ લેવી.

જામનગર
તા.૦૮-૦૧-૨૦૨૬

રમેશ વી. વેકરીયા (એડવોકેટ)
તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::
રમેશ વી. વેકરીયા-સમર્થ આર. વેકરીયા
અનિલ ડી. ખરવાર (એડવોકેટ્સ)
૨૦૬, સંજીવની કોમ્પ્લેક્ષ, સુમેર ક્લબ રોડ, જામનગર :: મો.૯૮૨૪૫ ૪૦૬૪

PGVCL
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
શહેર વિભાગ - ૨
શહેર-૨ વિભાગીય કચેરી, જૂના પાવર હાઉસ કમ્પાઉન્ડ, જેએમસી બિલ્ડીંગ સામે, લાલ બંગલા પાસે, જામનગર-૩૬૧૦૦૧
ફોન નં. (૦૨૮૮) ૨૫૫૦૩૫૫ - ૨૫૫૦૨૧૬
જેસીડીસીર//ટેક-૨/શટડાઉન/૨૫/૯૬ તા.૦૮-૦૧-૨૦૨૬

:: પાવર બંધ રહેવાની નોટીસ ::

આથી વીજ પુરવઠો મેળવતા અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે વીજ લાઈનની અગત્યની કામગીરી માટે નીચે દર્શાવેલ વિસ્તારોમાં ૧૧ કે.વી. ફીડરોની અગત્યની મરામતની કામગીરી કરવાની હોય વીજ પુરવઠો નીચે મુજબની તારીખે અને સમયે બંધ રહેશે.

તા.૦૯-૦૧-૨૦૨૬ : શુક્રવાર : સમય: ૮:૦૦ થી ૧૫:૦૦ સુધી

૧) ૧૧ કેવી ગાંધી ઉદ્યોગ ફીડર: બાળ અદાલત, આદર્શ નિવાસી સ્કૂલ, ગજાનન કોલોની, નંદનવન સોસાયટી, ઓશવાળ આઈસ ફેક્ટરી, કિશાન ચોક, આર્યસમાજ રોડ વિગેરે વિસ્તાર.

૨) ૧૧ કેવી રામનાથ ફીડર: મારવાડી વાસ, વસંત વાટિકા, આર.ટી.ઓ. કમ્પાઉન્ડ, નાનકપૂરી, રાવલ વાસ, ગોદડિયા વાસ, ગણેશ વાસ, સુમરા ચાલી, કબીર પરા, ઢોલિયાપીર, બાવાવાડ વિગેરે વિસ્તાર.

તા.૧૦-૦૧-૨૦૨૬: શનિવાર : સમય: ૭:૦૦ થી ૧૫:૦૦ સુધી

૧) રીંગ-૧ ફીડર: મીગકોલોની, લાખોટા તળાવ આસપાસનો વિસ્તાર, પ્લોટ પોલીસચોકીથી ખંભાળિયા ગેઇટ સુધીનો બેય બાજુનો વિસ્તાર, દિગ્વિજય પ્લોટ નં. ૧ થી ૧૬, શેઠ ભગવાનદાસ રોડ, નગરપરા ૧ અને ૨, દ્વારકાપૂરી રોડ વિગેરે વિસ્તાર.

૨) ૧૧ કેવી સુમેર ક્લબ ફીડર: સુમેર ક્લબ મેઈન રોડ, સાત રસ્તાથી પવન ચક્કી સુધી મેઈન રોડ, કૈલાશનગર, એસ.ટી. ડેપો, ૪૫ દિ. પ્લોટ, જૈન દેરાસર, ગણેશ વાસ, સુભાષ પરા-૧ વિગેરે વિસ્તાર.

૧) ૧૧ કેવી દિગ્વીજય પ્લોટ ફીડર: દિ. પ્લોટ વિસ્તાર ૫૫ થી ૬૧, રાણીમંજુલ, કાના નગર, જોલી બંગલા પાછળનો વિસ્તાર.

૨) ૧૧ કેવી હિંગળાજ ચોક ફીડર: હિંગળાજ ચોક, પ્રણામી સ્કૂલ સામેનો વિસ્તાર એચ એમ રોડ, બાળકોના સ્મશાન વાળો વિસ્તાર.

નોંધ : જો અનિવાર્ય સંજોગોને કારણે શટડાઉન રદ કરવામાં આવશે. તો તેની કોઈપણ જાતની જાણ કરવામાં આવશે નહીં. કામગીરી પૂર્ણ થયેથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર, વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે.

પીજીવીસીએલ ના ટોલ ફ્રી નંબર: ૧૯૧૨૨ અને ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩.

DATE: 08-01-2026
કાર્યપાલક ઈજનેર,
પીજીવીસીએલ, શહેર વિભાગ-૨, જામનગર
અ સુવિધા બદલ દિગીર છીએ.